# પૂરાવાના અભાવે મોડાસા બોમ્બ બ્લાસ્ટ

# કેસ બંધ કરવાની તજવીજ હાથ ધરાતાં અસરગ્રસ્તોમાં રોષ

## કેસની તપાસનુ ફીંડલુ વાળ્યા વિના વધુ સક્ષમ એજન્સી મારફતે તેની તપાસ ચાલુ રખાય તે ન્યાય માટે તરસતા અરસગ્રસ્તોની માંગ છે

મોડાસા, તા.૭

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં આવેલ લઘુમતી વિસ્તારમાં આવેલા સુકા બજારમાં આજથી આઠ વર્ષ પહેલા રાત્રીના સમયે બાઈકમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો. આ બોમ્બ બ્લાસ્ટમાં એક કિશોરનુ મોત નીપજયુ હતુ અને ૧૬ વ્યકતિઓ ઘાયલ થયા હતા. જે કેસની તપાસ એન.આઈ.એ નામની એજન્સીને સોપવામાં આવી હતી. આ કેસમાં આઠ વર્ષ પછી એનઆઈએ ધ્વારા કોર્ટમાં સમરી ભરી પુરાવા ના મળતા હોવાનુ બહાનુ બતાવીને કેસ બંધ કરવાની તજવીજ હાથ ધરાતાં અસરગ્રસ્તોમાં રોષ ફેલાયો છે.

અરવલ્લી જીલ્લાના મોડાસા નગરના સુકા બજારમાં વર્ષ ૨૦૦૮માં રાત્રીના નવ વાગ્યાના અરસામાં પાર્ક કરેલા બાઈકમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો. પ્રચંડ ધડાકા સાથે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં જૈનુલ આબેદીન અયુબભાઈ ઘોરી નામના કીશોરનુ ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજયુ હતુ. જયારે અન્ય ૧૬ વ્યકતીઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. મોડાસામાં થયેલાન બોમ્બ બ્લાસ્ટની મોડસ ઓપરેન્ડી માલેગાંવમાં થયેલા બ્લાસ્ટ જેવી જ હતી. ત્યારે આ બનાવની તપાસ સૌ પ્રથમ સ્થાનીક પોલીસને સોપવામાં આવી હતી. આ તપાસ પોલીસે કર્યા બાદ કોઈ પણ પરિણામ ન મળતા તપાસ એનઆઈએને સોપવામાં આવી હતી. આ તપાસ આઠ વર્ષ ચાલ્યા બાદ અચાનક એનઆઈએ ધ્વારા કોર્ટમાં સમરી ભરી મોડાસા બ્લાસ્ટમાં કોઈ પુરાવા ન મળતા હોવાના બહાને હેઠળ કેસ બંધ કરવા તજવીજ કરતાં અસરગ્રસ્ત પરિવારમાં રોષની લાગણી ફેલાઈ છે. આ મામલાની તપાસ અચાનક જ બંધ કરી દેવાના બદલે વધુ યોગ્ય એજન્સી ધ્વારા ઉંડાણપુર્વકની તપાસ કરીને કેસ ચાલુ રાખવામાં આવે તેવી અસરગ્રસ્તોએ માંગ કરી છે.

જયારે આ બ્લાસટમાં લઘુમતી કોમના ૧ કિશોરનુ મોત અને ૧૬ વ્યક્તિઓના ઘાયલ થયા બાદ તપાસમાં સ્થાનીક પોલીસે લાખો રૂપીયાનો ખર્ચ કર્યા પછી પણ કોઈ જ પરીણામ ન મળતા એનઆઈએને તપાસ સોપવામાં આવી હતી. આ તપાસ અસરગ્રસ્તો માટે ન્યાય મળવાની આશાનુ કિરણ હતી. પરંતુ અચાનક જ આ કેસ બંધ કરવાનો જે નિર્ણય લેવાયો તેનાથી નિરાશા ફેલાઈ છે. ત્યારે કોગ્રેસ પક્ષ પણ આ મામલો સંગીન હોવાથી કેસ ચાલુ રાખી ભોગ બનેલાને ન્યાય મળે તેવી આશા રાખી રહયો છૈ. આઠ આઠ વર્ષ સુધી બોમ્બ બ્લાસ્ટ કેસમાં લાખો રૂપીયાનો ધુમાડો કર્યા બાદ પણ હાલના વિજ્ઞાન અને ટેકનોલોજીના ડીઝીટલ યુગમાં પણ કોઈ જ પુરાવા ન મળતા હોવાના બહાના હેઠળ મોડાસા બ્લાસ્ટના કેસને બંધ કરી દેવાનો નિર્ણય ખરેખર દુઃખદ અને શરમજનક બાબત તપાસ એજન્સી માટે કહી શકાય. ત્યારે આ કેસની તપાસનુ ફીંડલુ વાળ્યા વિના વધુ સક્ષમ એજન્સી મારફતે તેની તપાસ ચાલુ રખાય તે ન્યાય માટે તરસતા અરસગ્રસ્તોની માંગ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

### કેસ ચાલુ રાખવા કોંગ્રેસની માંગ

મોડાસા બોમ્બ બ્લાસ્ટ કેસની તપાસ બંધ કરી દેવાના નિર્ણય સામે રોષ વ્યકત કરતાં કોંગ્રેસ પક્ષના અગ્રણી ગુલામહુસેન ખાલકે જણાવ્યુ હતુ કે આ ઘટનામાં ભોગ બનેલાને ન્યાય આપ્યા વગર કેસ બંધ કરવો અયોગ્ય કહી શકાય. આ કેસની હજુ પણ જીણવટભરી તપાસ તટસ્થ એજન્સી મારફતે કરાય અને દૂધનુ દૂધ અને પાણીનુ પાણી કરાય તેવી કોંગ્રેસની માંગ છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

### અરવલ્લીની ગીરીમાળાઓ સોળે કળાએ ખીલી ઉઠી

અરવલ્લીની ગીરીમાળાઓ જ્યારે સોળે કળાએ ખીલે છે ત્યારે હુબહુ કાશ્મીર ઉતરી આવ્યુ હોય એમ લાગે છે. ભિલોડા, શામળાજી, મેઘરજ, વિજયનગરથી અંબાજી સુધીની ગીરીમાળાઓએ જાણે લીલી સાડી પહેરીને નવોઢાની જેમ આપણી રાહ જોતી હોય તેમ લાગે છે. આમ તો આપણે ગુજરાતીઓ ફરવાના શોખીન છીએ, ક્યારેક વેકેશન સિવાય પણ નીકળીને પ્રકૃતિને માણીએ કેટલાક પ્રકૃતિ પ્રેમીઓ અરવલ્લીના આ નવા સ્વરૂપને નિહાળવા અવશ્ય ગીરીમાળાની મુલાકાતે આવતા હોય છે. ત્યારે કહેવાનું મન થાય છે કે... કુછ દિન તો ગુજારો અરવલ્લી કી પનાહમે...!!

# તલોદ જીઆઈડીસીને જીવનદાન : ૩૫ વર્ષે લોડીંગ વ્હીકલ પસાર થઈ શકે તેવો માર્ગ બનશે

તલોદ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ ગામ પંથકમાં આવેલ જીઆઈડીસીને નજીકના ભવિષ્યમાં યોગ્ય રોડ માર્ગ અને બાયપાસ રોડ માર્ગ પણ મળશે તેવી આશાનું કિરણ ઉદભવતું હોવાનું જોવા મળી રહ્યું છે. જે જીઆઈડીસી છેલ્લા ૩૫ વર્ષથી કાર્યરત છે છતાંય તેમાં ભારવાહક વાહનો સાથે જવા આવવાનો યોગ્ય રસ્તો ન હોઈ તેમાં ઉદ્યોગોનો વિકાસ થવા પમ્યો નથી. જેથી તાજેતરમાં કલેકટર કચેરી હિંમતનગર ખાતે યોજાયેલ મુખ્યમંત્રી ઓન લાઈન વિડીયો કોન્ફરન્સમાં આ સમસ્યાની રજૂઆત કરવામાં આવી હતી જેને મુખ્યમંત્રી તરફથી યોગ્ય પ્રતિભાવ સાંપડયો હોવાનું જાણવા મળેલ છે.

તલોદ જીઆઈડીસી એસો.ના પ્રમુખ મહેશભાઈ પટેલ અને મંત્રી ગોપાલભાઈ શાહે આ કોન્ફરન્સમાં હાજર રહી જીઆઈડીસીના રોડ રસ્તા સહિતની વણઉકલી સમસ્યાઓની રજૂઆત કરી હતી. જીઆઈડીસીમાં જવા આવવા માટેનો હાલ જે રસ્તો છે તે અંદાજીત ૩ મીટરની પહોળાઈનો છે. જેને ૫.૫૦ મીટરની પહોળાઈનો કરવાની રજુઆત કરી હતી અને જીઆઈડીસીના નોંધપાત્ર વિકાસ માટે 'બાયપાસ રોડ' માર્ગની આવશ્યકતા હોવાની પણ રજુઆત કરી હતી. જે સંદર્ભે રસ્તો પહોળો કરવા બાબતે મુખ્યમંત્રીએ સંબંધિત અધિકારીઓને દરખાસ્ત તૈયાર કરવાની અને ઝડપી મંજુર કરવાની સૂચના આપી હતી તેમજ બાયપાસ રોડ માટે ઝડપથી સર્વે કરવાની પણ સૂચના આપી હોવાનું જાણવા મળેલ છે.

# અરવલ્લી જિલ્લામાં વરસાદની હાથતાળી

## આકાશે વાદળો ઘેરાય અને પવનો ફૂંકાવા છતાં વરસાદ ન વરસતાં જિલ્લાના પ્રજાજનો ત્રાહિમામ

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લામાં ૨૦ જૂન પછી વરસાદ ખેંચાતા ખેડૂતપુત્રો અને સામાન્ય લોકો અસહ્ય ગરમી અને બફારા વચ્ચે જીવન વ્યથિત કરવાની સાથે અસહ્ય ઉકળાટથી તોબા પોકારી ઉઠ્યા છે. અત્યારે તો ચોમાસુ સોળે કળાએ ખીલી ઉઠયુ હોય તેવી સીઝનના માહોલની જગ્યાએ ચોમાસામાં ઉનાળા જેટલી ગરમીથી શેકાવા જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. લોકો પરસેવે રેબઝેબ થવાનો વારો આવ્યો છે. જિલ્લામાં રીસામણા કરી બેઠેલા મેઘરાજાથી ભૂમિપુત્રો ચિંતાતુર બની મેહુલિયાને વરસવાની રાહ જોઈને આકાશી વાદળ તરફ મીટ માંડીને બેઠા છે. ત્યારે વરસાદ હાથતાળી આપતાં જિલ્લાના પ્રજાજનો અને ભૂમિપૂત્રોમાં નિરાશા વ્યાપી છે.

જુલાઈ મહિનાના ૬ દિવસ જેટલો સમય વિતી ગયા પછી પણ ચોમાસાની શરૂઆત રાબેતામુજબ વરસાદ વરસવાની શરૂઆત સાથે થઈ જતી હોય છે. પરંતુ ભૌગોલિક પરિસ્થિતિથી તદ્દન ઉલટી હાલત અરવલ્લી જિલ્લામાં જોવા મળી રહી છે. છેલ્લા ૧૫ દિવસથી જિલ્લાના એક પણ વિસ્તારમાં મેઘરાજાએ પધરામણી નહીં કરતાં પ્રજાજનો અસહ્ય ગરમી અને ઉકળાટનો સામનો કરી રહ્યા છે. જ્યારે બીજી તરફ ભૂમિપુત્રોમાં પણ ચિંતા વ્યાપી ગઈ છે. તેમજ ગામડાઓમાં પીવાના પાણીની તંગી તેમજ પોતાના પશુઓ માટે પાણી અને ઘાસચારાની સમસ્યા ઉભી થાય તેવી સ્થિતિ નિર્માણ પામી રહી છે. જ્યારે ખેડૂતોએ પ્રારંભિક ધોધમાર વરસાદ થતાં સારા ચોમાસાની આશાએ મોંઘાદાટ બિયારણો માથે પડે તેવી સ્થિતિ હાલના સંજોગોમાં પેદા થઈ છે. જિલ્લામાં છેલ્લા સપ્તાહથી સવારથી વાદળો ઘેરાય છે અને હળવા પવન પણ ફુંકાય છે, પરંતુ મેહુલીયાએ રીસામણા કર્યા હોય તેમ વરસતો નથી. આકાશી કાળા ડિબાંગ વાદળો હાથતાળી આપી વરસાદના નામે એકય ટીપુય નહિ પડતા લોકો ગરમી અને ઉકળાટ વચ્ચે દિવસો પસાર કરી રહ્યા છે. ચોમાસાની ઋતુમાં ઉનાળાનો અહેસાસ થતાં જિલ્લાવાસીઓમાં નિરાશા વ્યાપી ગઈ છે. અને મેઘરાજાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ત્રણ વર્ષમાં એક વાર આવતા પવિત્ર અધિક પુરુષોત્તમ માસમાં જન કલ્યાણ સેવા સમિતિ દ્વારા ગીતા જ્ઞાનના નવમા અધ્યાયની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લો કોલેજના નિવૃત્ત પ્રિન્સીપાલ અને ગીતાકાર કરશનભાઈ ખેર દ્વારા ગીતાજ્ઞાનના ગુઢ રહસ્યને સીધી સાદી અને અનોખી આગવી શૈલીમાં શહેરના નગરજનોને રસપાન કરાવ્યું હતું.

### ઊંઝાના ગ્રામ્ય વિસ્તારમાં દૂષિત પાણીથી રોગચાળાની દહેશત

ઊંઝા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ધરોઈનું મળતું પાણી દૂષિત અને ડહોળાવાળું આવતું હોઈ રોગચાળો ફેલાવાની દહેશત ઉભી થઈ છે. ઊંઝા તાલુકાના ગ્રામ્ય વિસ્તારની કેટલીક ગ્રામ પંચાયતોને ધરોઈનું પીવાનું પાણી આપવામાં આવે છે. આ પાણી છેલ્લા કેટલાક દિવસોથી ડહોળુ અને દુષિત આવી રહ્યું છે. જેથી લોકોમાં રોગચાળો ફેલાવવાની દહેશત ઉભી થઈ છે. તાજેતરમાં ધરોઈ ડેમમાં વરસાદી પાણીની નવી આવક થઈ છે. જેના લીધે પાણી ડહોળુ આવતું હોવાની લોક ફરિયાદો ઉઠી છે. કહે છે કે, પાણી પુરવઠા બોર્ડ દ્વારા ધરોઈ ડેમમાંથી ગ્રામ પંચાયતોને અપાતા પાણીનું યોગ્ય શુદ્ધિકરણ કરવામાં આવતું નથી. આ ઉપરાંત ગ્રામ પંચાયતો તરફથી પણ પાણીની શુધ્ધતા માટે ફટકડી કે ક્લોરીનની ગોળીઓનો ઉપયોગ થતો નથી.





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

### ભારતીય સ્ટેટ બેંકે પીલુદ્રા પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર ભેટ આપ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પીલુદ્રા પ્રાથમિક શાળામાં ભારતીય સ્ટેટ બેંકના સ્થાપના દિન નિમિત્તે શાળામાં કોમ્પ્યુટર આપવામાં આવ્યું હતું. પ્રાંતિજના પીલુદ્રા ગામે આવેલ પ્રાથમિક શાળામાં ભારતીય સ્ટેટ બેંક પ્રાંતિજની મુખ્ય શાળાના મેનેજર નિશાબેન કોહલી તથા સ્ટાફ મિત્રો દ્વારા પીલુદ્રા ગામે આવેલ પ્રાથમિક શાળાની મુલાકાત લઈ શાળાના આચાર્ય રાજુભાઈ, અમૃતભાઈ તથા સ્ટાફ મિત્રોની ઉપસ્થિતિમાં પીલુદ્રા પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર આપવામાં આવ્યું હતું. જ્યારે શાળાના બાળકોને પણ ચોકલેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ભિલોડા આર.જી.બારોટ બી.એડ્. અને એમ.એડ્. કોલેજમાં સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ બી.એડ્. અને એમ.એડ્. કોલેજમાં પુર્વ તાલિમાર્થીઓનો સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસ ડાયરેકટર દેવાંગભાઈ બારોટએ જણાવ્યું હતું કે પુર્વ તાલિમાર્થીઓનો સ્નેહ સંમેલન કાર્યક્રમનું વિશેષ આયોજન કરાયું હતું. પુર્વ તાલિમાર્થીઓ, અધ્યાપકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહ સંમેલન કાર્યક્રમનો મુખ્ય હેતુ એ હતો કે કોલેજ ધ્વારા કરાયેલા સંસ્કાર, સીચન વિસ્તારવાનો અને સમાજ સુધી પહોંચાડવાનો હતો. ભિલોડા આર.જી. બારોટ બી.એડ્. કોલેજ ઈ.આચાર્ય દિનેશભાઈએ પુર્વ તાલિમાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. પુર્વ તાલિમાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# મોડાસા શહેરમાં ૧૨ વર્ષ પહેલા એન.એ. કરાયેલી જમીનનો હુકમ રદ કરાતા ખળભળાટ

## બાર વર્ષ ધૂણેલા ગણોતીયાના ભૂત અને સરકારની બેધારી નીતિ સામે ભારે રોષ

મોડાસા, તા.૭

મોડાસા માલપુર રોડ પર આવેલ શોપીંગો વેપાર ધંધાથી ધમધમી રહ્યા છે. આ જગ્યાએ ૧૨ વર્ષ પહેલા બંધાયેલ ફલેટ અને રેસીડેન્સીયલ વિસ્તારમાં કેટલાય મકાન માલિકો સુખ ચેનથી પોતાનું જીવન વિતાવી રહ્યા છે ત્યારે ૧૨ વર્ષ પહેલા થયેલ આ સર્વે નંબરનો બીન ખેતીનો હુકમ રાજય મહેસુલ વિભાગ દ્વારા એકાએક રદ કરાતાં આ સર્વે નંબરમાં બનાવેલ શોપીંગોમાં દુકાન ધરાવનાર વેપારીઓ અને રેસીડેન્સીયલમાં મકાન ધરાવનાર પરિવારજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

જિલ્લાના વડા મથક મોડાસા શહેરના માલપુર રોડ ઉપર આવેલ સર્વે નંબર ૪૮૬ પૈકીની ૪૮૬ (૬)ની ૨૦૪૦૯ ચો.મી.ની જમીન સા.કા. જિલ્લા કલેકટર દ્વારા ૨૦૦૩ની સાલમાં મે મહીનામાં હુકમ નંબર એલએનડી/બી.એ./એમ.આર./૩૦/૨૦૦૩ હેઠળ બીનખેતી મંજુર કરતા હુકમ કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટર દ્વારા મંજુર કરવામાં આવેલ આ હુકમને સર્વે નંબરના મુળ માલિકોએ પડકાર્યો હતો.

આ સર્વે નંબરના બીનખેતીના હુકમ સામે અરજદાર ચંદુલાલ રણછોડદાસના વારસદારોએ મહેસુલ વિભાગમાં વિવાદના સચીવને રજુઆત કરવામાં આવી હતી અને જણાવ્યું હતું કે આ સર્વે નંબરની જમીન જુની શરતની તેમજ બીન ખેતીમાં ઠેરવવા સામે હેતુફેર કરવા અમે તે વખતે કલેકટર સમક્ષ વાંધા અરજી આપી હતી. બીન ખેતીના આ હુકમ અમારા વડીલોએ જમીનના હક હીત ઉપર તરાપ મારનારો હોઈ પડકારવાની ફરજ પડી હતી.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# પાલનપુરમાં સાંસદ આદર્શ ગ્રામ યોજના અંગે બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૭

પાલનપુર મુકામે કલેક્ટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને સાંસદ આદર્શ ગ્રામ યોજના અંગે બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યસભાના સાંસદશ્રી દિલીપભાઈ પંડ્યાએ દત્તક લીધેલ વડગામ તાલુકાના પછવાદળ ગામના સર્વાંગી વિકાસની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમજ ગામમાં કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ છે અને કયા વિકાસ કામો હાલ કરવા જરૂરી છે. તેની ઝીણવટભરી ચર્ચા કરી જરૂરી કામો ઝડપભેર કરી શકાય તે માટે અધિકારીઓને સુચના આપવામાં આવી હતી. બેઠકમાં સાંસદશ્રી દિલીપભાઈ પંડ્યાએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુચના અને માર્ગદર્શનથી શરૂ થયેલ સાંસદ આદર્શ ગ્રામ યોજના અન્વયે ગામમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ બનાવીને, સરસ સ્વચ્છતા કેળવીને તથા ગામમાં ૧૦૦ ટકા બાળકો શિક્ષણ મેળવે તેવી આદર્શ પરિસ્થિતિનું નિર્માણ કરીને ગામને આદર્શ અને પ્રેરણાદાયી બનાવીએ. આ સાંસદશ્રીએ કહ્યું કે ગામમાં ગોબર બેંક બનાવવાથી ગેસ મળે છે જેનાથી બળતણનો પ્રશ્ન હલ થાય છે તેમજ ગોબર બેંક દ્વારા સારી ક્વોલીટીનું ખાતર પણ મેળવી શકાય છે. તેમણે કહ્યું કે દરેક ગામને સુવિધા સંપન્ન, શિક્ષિત અને સ્વચ્છ બનાવી આદર્શ અને સમૃદ્ધ સમા તથા રાષ્ટ્નું નિર્માણ કરીએ.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦